# કોરુગેટેડ બોક્સના પ્રોડક્શન ખર્ચમાં જોવા મળી જંગી વૃદ્ધિ

કાચી સામગ્રીનો પુરવઠો ખોરવાઈ જવાના કારણે કોરુગેટેડ બોક્સના ઉત્પાદન ખર્ચમાં ૭૦ ટકા જેટલી વૃદ્ધિ નોંધાઈ છે. ઉદ્યોગ માટે મુખ્ય કાચી સામગ્રી એવા ક્રાફ્ટ પેપરના સપ્લાયમાં તીવ્ર ખેંચ જાવ મળી રહી છે. સામે આયાતી અને સ્થાનિક વેસ્ટ પેપરના ભાવ વધી રહ્યાં છે. ચીન ખાતે રિસાઇકલ્ડ ક્રાફ્ટ પેપરની નિકાસ આકર્ષક બનવાના કારણે ભારતીય કંપનીઓ તેમનું ઉત્પાદન બહાર મોકલી રહી છે. ઊંચી નિકાસ વૃદ્ધિ જોતાં દેશમાંથી રિસાઇકલ્ડ ક્રાફ્ટ પેપરની નિકાસ ૨૦ લાખને પાર કરી જશે. જ્યારે સ્થાનિક ઉદ્યોગે કામગીરી સંકેલવી પડે તેવું બનશે.